# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30/08/2025** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે, વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરશે**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ખેડાના ગળતેશ્વર ખાતે '76મો વન મહોત્સવ' યોજાશે**
3. **જીરાની નિકાસમાં ગુજરાતના ઊંઝાએ વૈશ્વિક નેતૃત્વને મજબૂત બનાવ્યું**
4. **રાજ્યમાં મેઘો મુશળધાર, 4 સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**
5. **અમદાવાદમાં યોજાયેલી કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગઇકાલે ભારતે ચાર સુવર્ણ સહિત વધુ સાત ચંદ્રકો જીત્યા**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HM GUJARAT

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે. આ પ્રસંગે તેઓ વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ સહિતના કાર્યક્રમોમાં હાજરી આપશે.**

**સાંભળીએ એક અહેવાલ...**

## વોઇસ કાસ્ટ : હેમાંગીની સોનારા

*કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે સાંજે અમદાવાદના જોધપુર અને વસ્ત્રાપુરમાં ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. આવતીકાલે સવારે ઓગણજ અને ચાંદલોડિયામાં આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરશે. જ્યારે રાણીપ અને નવા વાડજમાં વૃક્ષારોપણ કરશે. અમદાવાદ ભદ્રકાળી માતાના દર્શન કરશે અને લાલ દરવાજા ખાતે સરદાર બાગનું લોકાર્પણ કરશે. તેઓ આવતીકાલે સાંજે ગાંધીનગરમાં **DIAL 112** અંતર્ગત શરૂ થયેલા જનરક્ષક પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.*

## હેમાંગીની સોનારા આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# CM VANMAHOTSAV

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ખેડાના ગળતેશ્વર ખાતે ’76મો વન મહોત્સવ’ યોજાશે. રાજ્યકક્ષાની આ ઉજવણીમાં 24મા સાંસ્કૃતિક વન ‘ગળતેશ્વર વન’નું લોકાર્પણ કરાશે. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા અને રાજ્યકક્ષાના મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિ રહેશે.**

**સાંભળીએ એક અહેવાલ..**

# વોઇસ કાસ્ટ : યશવી મહેતા

*મહીસાગર નદી કિનારે નિર્માણધીન આ વનમાં ૩૦૦થી વધુ પ્રજાતિઓના વાવેતર થકી કોતર વિસ્તારમાં જૈવ વિવિધતાને વધુ સમૃદ્ધ કરાશે. પાંચ હેક્ટર વિસ્તારમાં વિવિધ થીમ આધારિત આકાર પામનાર આ વનમાં આકર્ષક મુખ્ય દ્વાર, બિલિપત્ર વન, શિવલિંગ વન, શિવમૂર્તિ, બટરફ્લાય ગાર્ડન, બાળ ક્રિડાંગણ, માતૃવન, પ્રાકૃતિક શિક્ષણ સ્થળ, સારસ પંખી સ્કલ્પચર, આરોગ્ય વન, પીપળ, બેલ, આંબળા, વટ અને અશોક એમ પાંચ વૃક્ષ ધરાવતું પંચવટી વન, નક્ષત્ર વન, રાશી વન, નવગ્રહ વન, પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે.*

## યશવી મહેતા આકાશવાણી સમાચાર અમદાવાદ

---

# SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે  રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ પરસ્પર સંકલનથી નાગરિકોની રજૂઆતોનું હકારાત્મક નિરાકરણ લાવવા તાકિદ કરી.

ઓગસ્ટના આ  રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં  170 જેટલી રજૂઆતો થઈ. જેમાં મુખ્યમંત્રીએ ૧૨ રજૂઆતો સાંભળી અને મુખ્યમંત્રીના  જનસંપર્ક એકમ દ્વારા 160 રજૂઆતો સાંભળીને સંબંધિત જિલ્લા તંત્ર અને સરકારના વિભાગોને યોગ્ય કાર્યવાહી માટેની સુચનાઓ સાથે મોકલવામાં આવી.

ઓગસ્ટના જિલ્લા સ્વાગતમાં એક હજાર 529, તાલુકા સ્વાગતમાં   2, 701 રજૂઆતો અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરાઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કક્ષાએ પરસ્પર સંકલન રાખીને લોકોની રજુઆતોનું હકારાત્મક નિરાકરણ લાવવાની તાકિદ ઓગસ્ટ મહિનાના રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં કરી હતી.

રજુ થયેલી 12 રજૂઆતોમાંથી ખેતરમાં નર્મદાની કેનાલ અવાર-નવાર છલકાવાથી એક ખેડૂતને થતા નુકશાનનું કાયમી નિવારણ અને નુકશાનીનું વળતર ચુકવવા સરદાર સરોવર નર્મદા નિગમને સ્પષ્ટ સુચનાઓ આપી હતી.

---

## UNZA-JIRU

જીરાની નિકાસમાં ગુજરાતના ઊંઝાએ વૈશ્વિક નેતૃત્વને મજબૂત બનાવ્યું છે.

ગુજરાત જીરું અને અન્ય મસાલાઓના બીજની નિકાસમાં અગ્રેસર છે, જે દેશની કુલ નિકાસમાં લગભગ **80** ટકા નું યોગદાન આપે છે. મહેસાણાના ઊંઝા શહેરે જીરાના વેપારમાં ગુજરાતનું નેતૃત્વ મજબૂત બનાવ્યું છે, જે ભારત અને વિદેશોમાં પણ જીરાનો પુરવઠો પૂરો પાડે છે.

આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ જીરાના વેપારમાં ઊંઝાના વૈશ્વિક નેતૃત્વને ઉજાગર કરશે. ઉત્તર ગુજરાતની ઊંઝા **APMC**માં **2025**માં **54** હજાર **410** મેટ્રિક ટન જીરું નોંધવામાં આવ્યું.

નાણાકીય વર્ષ **2024-25** દરમિયાન, મહેસાણા જિલ્લામાંથી વિશ્વભરના **101** દેશોમાં આશરે **3** હજાર **995** કરોડ રૂપિયાના જીરા અને અન્ય મસાલાઓના બીજની નિકાસ કરવામાં આવી હતી. આ માટેના મુખ્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં ચીન 25 ટકા,

બાંગ્લાદેશ 16 ટકા, યુ.એ.ઈ. 10 ટકા, યુ.એસ.એ. 5 ટકા અને મોરોક્કો 4 ટકાનો સમાવેશ થાય છે.

ઊંઝા સ્થાનિક ખેડૂતોને વૈશ્વિક ગ્રાહકો સાથે જોડતો પ્રવેશદ્વાર છે, જે વિશ્વના મસાલા ઉદ્યોગમાં ભારતનો વધતો પ્રભાવ દર્શાવે છે.

---

## VIR NARMADA UNIVERSITY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો 57મો પદવીદાન સમારોહ યોજાયો.

12 વિદ્યાશાખાઓના 92 અભ્યાસક્રમોના 40 હજાર 745 યુવા વિદ્યાર્થીઓને પદવી એનાયત થઈ હતી. 57 વિદ્યાર્થીઓને પી.એચ.ડી.ની પદવી એનાયત થઈ હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વીર કવિ નર્મના પ્રેણાવાક્ય ડગલું ભર્યું તે ના હઠવું, ના હઠવુંમાંથી શીખ લઈ યુવાનોને નિરાશાને ખંખેરી અવિરત કર્મ કરવા આહ્વાન કર્યું હતું.

---

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## WEATHER

હવામાન વિભાગે આગામી **7** દિવસ એટલે કે **29** ઓગસ્ટથી **4** સપ્ટેમ્બર સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે, જેના કારણે અનેક જિલ્લાઓમાં રેડ, ઓરેન્જ અને યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલ રાજ્યમાં બે સક્રિય વરસાદી સિસ્ટમ કાર્યરત છે. જેના પરિણામે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસવાની શક્યતા છે.

સુરત, તાપી અને નવસારીમાં ભારેથી અતિ ભારે વરસાદને લઈને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે અરવલ્લી, મહીસાગર, ખેડા, પંચમહાલ, ભરૂચ, નર્મદા, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અને સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, દાહોદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, અને

દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

વરસાદી સિસ્ટમને કારણે દરિયામાં પણ ભારે પવન અને મોજા ઉછળવાની સંભાવના છે. આથી, પોર્ટ પર 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોને આગામી દિવસો સુધી દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે.

**(બાઈટ – ડૉ. એ.ક.દાસ. હવામાન વિભાગ)**

---

## RAIN

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 129 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં તાપી જિલ્લાના ડોલવણમાં સૌથી વધુ સાડા 6 ઇંચ વરસાદ વરસ્યો છે. જ્યારે પંચમહાલના શહેરામાં પાંચ ઈંચથી વધુ , તાપીના વાલોડ અને સુરતના ઉમરપાડામાં ત્રણ ઇંચ વરસાદ નોંધાયો.

અત્યાર સુધી પડેલા ભારે વરસાદને પગલે રાજ્યના 102 જળાશય હાઇએલર્ટ પર જ્યારે 30 જળાશય એલર્ટ પર છે.

ઉપરવાસમાં ભારે વરસાદને કારણે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામ પાસે ઇન્દ્રાસી નદીમાં કાર સાથે એક યુવક તણાયો હતો, જેને બચાવી લેવાયો હતો. ઘટનાની જાણ તથા મોડી રાત્રે મોડાસા નગરપાલિકા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી

તો બીજી બાજુ ભિલોડાની હાથમતી અને બુઢેલી નદી બે કાંઠે થતાં , તંત્ર દ્વારા નદીકિનારાના ગામડાઓને એલર્ટ કરાયા હતા.

તાપી જિલ્લાના વ્યારાથી પસાર થત મીંઢોળા નદી તેમજ ડોલવણ તાલુકામાંથી પસાર થતી પૂર્ણા, અંબિકા, ઓલન નદીમાં ભરપૂર પાણીની આવક આવતા નદી કિનારાના ગામોને એલર્ટ કરાયા છે

---

# WEIGHTLIFTING CHAMPIONSHIPS

અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગઇકાલે ભારતે ચાર સુવર્ણ સહિત વધુ સાત ચંદ્રકો જીત્યા છે.

પર્થ ચૌધરીએ યૂથ અને જૂનિયર બંને કેટેગરીમાં 94 કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા. સાઇરજે જૂનિયર મેન્સ અને શાહ હુસેનાએ યૂથ મેન્સ 88 કિલોગ્રામ વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા

દિલબાગ સિંહે પુરુષોની 94 કિલોગ્રામ શ્રેણીમાં રજત અને વંશિતા વર્માએ મહિલાઓની 86 કિલોગ્રામ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો. દિલબાગ સિંહે સ્નેચમાં 153 કિલોગ્રામ અને ક્લીન એન્ડ જર્કમાં 189 કિલોગ્રામ વજન ઉપાડીને કુલ 342 કિલોગ્રામ વજન ઉપાડ્યું. વંશિતા વર્માએ કુલ 222 કિલોગ્રામ વજન ઉપાડીને કાંસ્ય ચંદ્રક જીત્યો.

આ ચેમ્પિયનશિપમાં 31 દેશોના 300થી વધુ વેઇટલિફ્ટર્સ ભાગ લઈ રહ્યા છે. કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આજે અંતિમ દિવસ છે. ભારતે આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં કુલ 36 ચંદ્રકો જીત્યા છે.

---

# COMMONWEALTH GAMES

ભારતે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે પોતાનો સત્તાવાર પ્રસ્તાવ રજૂ કર્યો છે,

અગાઉ, ભારતે 2010 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. ભારતીય કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન અને ગુજરાત સરકાર વતી ગઈકાલે લંડનમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે સમક્ષ ઔપચારિક બોલી રજૂ કરવામાં આવી હતી. આ બોલીમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ માટે યજમાન શહેર તરીકે સામેલ કરવામાં આવ્યું છે.

દરખાસ્ત રજૂ કર્યા પછી, ગુજરાતના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો પ્રસ્તાવ ભારતની સુગમ અને સમાવેશી રમતગમત કાર્યક્રમ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

---